## જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૨૬-૨૭

કાર્યપાલક ઈજનેર પંચાયત (મા×મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા (ફો.નં. ૦૨૬૪૦- ૨૯૯૦૧૦) ધ્વારા નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના કામો માટે માન્ય ઈજારદારો પાસેથી ઓનલાઇન ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની નોટીસ http//:tender.nprocure.com તથા www. statetenders.com વેબસાઇટ પર ઓનલાઇન જોવા મળશે. સદર કામો માટે ઓનલાઇન સબમીશનની છેલ્લી તારીખ-૨૬/૦૫/૨૦૨૬ છે. ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખથી સાત દિવસમાં ટેન્ડર ફી તથા ઇએમડી રજી.પો.એડીથી રજુ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન સબમીશન કરવાના ફરજીયાત રહેશે. શકય હશે તો ટેન્ડર ઓપનીંગ ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખના બીજા દિવસે કરવામાં આવશે. આ અંગે કામોની વિગત અને શરતો નોટીસ બોર્ડ પર મુકેલ છે. તથા આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે. સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરિપત્ર અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

| અ.નં | કામનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં | ૧. બાનાની રકમ / ૨. ટેન્ડર ફી / ૩. કેટેગરી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકટીંગ નીચલી માથાસર સરવાણી ફળીયા રોડ (વી.આર/નોનપ્લાન) તા.દેડીયાપાડા જી.નર્મદા કિ.મી.૦/૦ થી ૪/૬૫૦ | ૩૭૫.૩૬ | ૧. રૂા. ૩,૭૬,૦૦૦/-<br>૨. રૂા. ૬,૦૦૦/-<br>3. "A" Class with Sp.cat-II (Road) and above |
| ૨ | કન્સ્ટ્રકટીંગ માથાસર મસ્કી ફળીયા રોડ (વી.આર/નોનપ્લાન) તા.દેડીયાપાડા જી.નર્મદા કિ.મી.૦/૦ થી ૨/૦ | ૨૩૫.૫૦ | ૧. રૂા. ૨,૩૬,૦૦૦/-<br>૨. રૂા. ૩,૬૦૦/-<br>3. "B" Class with Sp.cat-III (Road) and above |
| ૩ | કન્સ્ટ્રકટીંગ સરીબાર સ્કુલ ફળીયા ટુ ખામન નાલ રોડ (વી.આર/નોનપ્લાન) તા.દેડીયાપાડા જી.નર્મદા કિ.મી.૦/૦ થી ૨/૫૦ | ૧૪૦.૮૨ | ૧. રૂા. ૧,૪૧,૦૦૦/-<br>૨. રૂા. ૩,૬૦૦/-<br>3. "B" Class with Sp.cat-III (Road) and above |
| ૪ | કન્સ્ટ્રકટીંગ નીચલી માથાસર ટુ ઉપલા ફળીયા રોડ (વી.આર/નોનપ્લાન) તા.દેડીયાપાડા જી.નર્મદા કિ.મી.૦/૦ થી ૧/૨૦ | ૧૪૦.૮૧ | ૧. રૂા. ૧,૪૧,૦૦૦/-<br>૨. રૂા. ૩,૬૦૦/-<br>3. "B" Class with Sp.cat-III (Road) and above |

માહિતી/નર્મદા/૩૪/૨૦૨૬-૨૭



## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી.અને કોર્પોરેટ કચેરી :'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના હેઠળ રૂફટોપ સોલાર સ્થાપનની કામગીરી માટે વેન્ડર નોંધણી/ એમ્પેનલમેંટ કરવાના વર્કશોપ અંગેની સૂચના**

ગુજરાત રાજ્યમાં પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના હેઠળ ઘર પર રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન કરાવવાનું મહત્વાકાંક્ષી અભિયાન ચાલી રહ્યું છે. રૂફટોપ સોલાર સ્થાપન કામ માટે રજીસ્ટર્ડ વેન્ડર બનવા માટેની ઉત્તમ તક ઉપલબ્ધ છે. આ અનુસંધાને, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા તા. ૧૯.૦૫.૨૦૨૬ એ વેન્ડર ડેવલોપમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં યોજનાની સમગ્ર માહિતી, રજીસ્ટર વેન્ડર બનવા માટેની પ્રક્રિયા, સોલાર રૂફટોપ સ્થાપન માટે ટ્રેનિંગ તથા પોર્ટલ પર કરવાની થતી પ્રક્રિયા માટેની જરૂરી માહિતી આપવામાં આવશે. રસ ધરાવતા વ્યક્તિ, સંસ્થા, કંપની, ભાગીદારી પેઢી, ઇજનેરોએ આ વર્કશોપમાં ભાગ લેવા નીચે જણાવેલ વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. ફક્ત પોર્ટલ ઉપર નોંધાયેલ અરજદારને ઈ-મેલ / એસએમએસ દ્વારા ટ્રેનિંગનું સ્થળ અને સમયની જાણ કરવામાં આવશે. ઉપરોક્ત કાર્યક્રમમાં નોંધણી કરવાની છેલ્લી તારીખ ૧૬/૦૫/૨૦૨૬ છે. અરજી નોંધણી માટેની વેબસાઈટઃ https://vendors.guvnl.in/.

મુખ્ય ઇજનેર (સં. અને નિ.), DGVCL



## પારડી નગરપાલિકા, જી.વલસાડ
### વાર્ષિક ભાવો મંગાવવા બાબતની જાહેરાત

आज़ादी का अमृत महोत्सव | G20

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા. વલસાડ રસ ધરાવતા સપ્લાયર્સ/ઠેકેદારો/સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાવેલ કોન્ટ્રાકટરો પાસેથી વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેના વાર્ષિક ભાવો નીચે જણાવેલ કામો માટે સીલબંધ કવરમાં /ટેન્કરથી ભાવો મંગાવવામાં આવે છે. અરજીના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.

| કામનું નામ | ૧. અપસેટ કિંમત<br>૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ<br>૩. ટેન્ડર ફી |
|---|---|
| વહિવટી વિભાગઃ- | |
| (૧) વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્ટેશનરી અંગેના ભાવો મંગાવવા બાબત. (ટેન્ડર મુજબ) | ૧. -----<br>રૂા. ૧૦,૦૦૦/-<br>૨. રૂા. ૫૦૦/૦૦ |
| (૨) બજાર ફીનો ઈજારો આપવા બાબત (સને-૨૦૨૬-૨૭) | ૧. રૂા. ૧,૮૦,૦૦૦/-<br>૨. રૂા. ૨૫૦૦/-<br>૩. રૂા. ૬૦૦/- |
| (૩) તમામ શાખાના ફોર્મ્સ, બુક્સ, વાઉચર, બીલ, લેટરપેડ સહિતના છાપકામ કરવાનાં કામો. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૪) વિવિધ કાર્યક્રમો માટે મંડપ, સ્ટેજ, સાઉન્ડ, લાઈટ, ખુરશી, ટેબલ, સોફા, સીરીઝ ભાડેથી મંગાવવા બાબતના ભાવો. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૫) એરકન્ડીશનને સર્વિસ / રીપેરીંગ કરવાના વાર્ષિક કોન્ટ્રાકટર આપવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૬) ડીઝલ જનરેટર વાર્ષિક (મહેન્દ્રા ૫૫ કે.વી. અને ૬૨ કે.વી.) સર્વિસ કોન્ટ્રાક્ટનું કામ. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૭) વિવિધ કાર્યક્રમોની ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, પ્રેઝન્ટેશન તૈયાર કરવા માટેના ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૮) નગરપાલિકા કચેરી તથા અન્ય સ્થળે ફીટ કરવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરા સર્વિસીસનો ભાવ મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૯) વિવિધ કાર્યક્રમો માટે બોર્ડ, બેનર, હોર્ડીંગ્સ જુદી-જુદી સાઈઝમાં તૈયાર કરી કમ્પ્લીટ ફીટીંગ સાથેના ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૧૦) જુદી-જુદી સાઈઝની ખુરશી (પ્લાસ્ટીક / સ્ટીલ / રીવોલ્વીંગ ખુરશી) ખરીદવાના કામે ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૧૧) રીવોલ્વીંગ ખુરશી રીપેર કરવાના કામે ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૧૨) કોમ્પ્યુટર સીસ્ટમ તથા પ્રિન્ટર રીપેરીંગનું કામ તથા પ્રિન્ટરના ટોનર રીફીલીંગ કરવાના કામે ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| બાંધકામ વિભાગ :- | |
| (૧) જુદા જુદા માપના ગ્રેનાઈટ મારબલ હોમ તકતી તૈયાર કરવાનો ભાવ. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| વોટર વર્કસ વિભાગ :- | |
| (૨) ફિલ્ટર પ્લાન્ટ ઉપર ભૂગર્ભ ટાંકી (૧૦ લાખ લીટર) અને કિલ્લા પરની ઓવરહેડ ટાંકીની (૧૦ લાખ લીટર) સફાઈ કરવા માટે પ્રતિ લાખ લીટરનો ભાવ મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૩) ફુવારાઓનું રીપેરીંગ અને મરામત કરવા અંગેના ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૪) પાણીના શુદ્ધિકરણની પ્રક્રિયા (ફિલ્ટર પ્લાન્ટ) માટે રેતી (સેન્ટ) ખરીદવાના ભાવ મોકલવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| સેનેટરી વિભાગ :- | |
| (૧) નવા ટાયર ટ્યુબ, બેટરી ખરીદવાના તથા ટાયર પંચરના ભાવો મંગાવવા બાબત (ટ્રેક્ટર અને ટ્રેલર, જે.સી.બી., છોટા હાથી ટેમ્પો) | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૨) ટ્રેક્ટર / ટેમ્પો રીપેરીંગના ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |
| (૩) સ્પ્રેથી બ્લેક ઓઈલ છાંટવાના ભાવો મંગાવવા બાબત. | (લેટરપેડ ઉપર બંધ કવરમાં ભાવ મોકલવા) |

૧ ઉપરોક્ત કામે ભરેલ ભાવો /ટેન્ડર બંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ સુધીમાં (રજાના દિવસો સિવાય) રજી.પો.એડી / સ્પીડ પોસ્ટ / કુરીઅરથી અત્રેની કચેરીએ મળે તે રીતે મોકલવાના રહેશે. અરજીના કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.
૨ કોઈપણ ભાવ કે ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા પારડી નગરપાલિકાની રહેશે તે અંગેના કોઈપણ કારણો આપવામાં આવશે નહિ.
3 વધુ વિગતો માટે નગર પાલિકા કચેરીનો સંપર્ક સાધવો.

પ્રમુખ, પારડી નગર પાલિકા, પારડી | ન. માહિતી/વલસાડ/૭૫/૨૦૨૬ | ચીફ ઓફિસર, પારડી નગર પાલિકા,પારડી



## દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL
CIN U40102GJ2003SGC042909
પાંડેસરા વિભાગીય કચેરી
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાડેસરા, સુરત-૩૯૫૦૨૩
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત**

આથી અમારા માનવતાવીજ ગ્રાહકોને જણાવવાનું કે,નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહબંધ રહેશે

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કેવી ગોડાદરા | ૬૬ કેવી ગોડાદરા સબસ્ટેશન માંથી નીકળતા તમામ ૨૨ કેવી ફીડર | લિંબાયત<br>ગોડાદરા<br>દેવધ | ૧૯૧૨૩ | ૦૮-૦૫-૨૦૨૬ | ૦૭:૦૦ થી ૧૧:૦૦ |
| 2 | ૬૬ કેવી ગોવાલક | ૨૨ કેવી ભવાની | ઉધના-૨ | | ૧૧-૦૫-૨૦૨૬ | |
| 3 | ૬૬ કેવી ગોડાદરા | ૨૨ કેવી મેગોબ | ગોડાદરા | | ૧૨-૦૫-૨૦૨૬ | |
| 4 | ૬૬ કેવી ગોવાલક | ૨૨ કેવી ચીકુવાડી | ઉધના-૨ | | ૧૩-૦૫-૨૦૨૬ | |
| 5 | ૬૬ કેવી પાંડેસરા-એ | ૨૨ કેવી ગાડિયા | પાંડેસરા | | | |
| | | ૨૨ કેવી સિદ્ધિવિનાયક | પાંડેસરા | | ૧૪-૦૫-૨૦૨૬ | |
| 7 | ૬૬ કેવી ગોડાદરા ૨ | ૬૬ કેવી ગોડાદરા ૨ સબસ્ટેશન માંથી નીકળતા તમામ ૨૨ કેવી ફીડર | દેવધ | | ૧૫-૦૫-૨૦૨૬ | |
| | | ૬૬ કેવી ગોડાદરા ૨ સબસ્ટેશન માંથી નીકળતા તમામ ૨૨ કેવી ફીડર | ગોડાદરા | | | |
| 8 | ૬૬ કેવી ભગવતી | ૬૬ કેવી ભગવતી સબસ્ટેશન માંથી નીકળતા તમામ ૧૧ અને ૨૨ કેવી ફીડર | ઉધના રૂરલ | | | |
| 9 | ૬૬ કેવી ગોવાલક | ૨૨ કેવી એચ ટી સી | ઉધના-૨ | | | |
| 10 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી તિરુપતિ | પાંડેસરા | | | |
| 11 | ૬૬ કેવી પાંડેસરા-એ | ૨૨ કેવી રિલાયન્સ | પાંડેસરા | | ૧૬-૦૫-૨૦૨૬ | |

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.કં.લી. પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


## અનુસંધાન ... પાના ત્રીજાનું

### પશ્ચિમ બંગાળના...

મુખ્યમંત્રી કાર્યવાહક પદ સિવાય સત્તા પર રહી શકતા નથી. ભાજપ, જેણે રાજ્યમાં તાજેતરમાં પૂરી થયેલી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મેળવી છે, તેનું મંત્રીમંડળ શનિવારે શપથ લે તેવી અપેક્ષા છે, જે સામાન્ય સંજોગોમાં કાર્યવાહક સરકારને વધુ બે દિવસ માટે સત્તા પર રાખશે. મંગળવારે સાંજે – વિધાનસભા ચૂંટણીમાં તેમના પક્ષની કારમી હારના એક દિવસ પછી – બેનર્જીએ દલીલ કરી હતી કે તેઓ ચૂંટણી હાર્યા નથી અને ભાજપને મળેલો જનાદેશ લૂંટનું પરિણામ છે. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, હું હારી નથી, તેથી હું રાજભવન જઈશ નહીં. હું રાજીનામું આપીશ નહીં.

### કેરળના 84 ટકા...

કે, એક વિજેતા ઉમેદવારે આઈપીસી કલમ 302 હેઠળ હત્યાનો કેસ જાહેર કર્યો છે, જ્યારે અન્ય એક ઉમેદવારે આઈપીસી કલમ 307 હેઠળ હત્યાના પ્રયાસનો કેસ જાહેર કર્યો છે. ત્રણ વિજેતા ઉમેદવારોએ મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સંબંધિત કેસો જાહેર કર્યા છે, જેમાં એક પર વારંવાર બળાત્કાર સંબંધિત જોગવાઈઓ હેઠળ આરોપ છે. પક્ષવાર જોતાં કોંગ્રેસના 59માંથી 53 વિજેતા ઉમેદવારો, સીપીઆઈ(એમ)ના 26 માંથી 20 વિજેતાઓ અને ભાજપના ત્રણેય વિજેતાઓએ તેમની એફિડેવિટમાં ગુનાહિત કેસો જાહેર કર્યા છે. આર્થિક મોરચે 135 વિજેતા ઉમેદવારોમાંથી 93 અથવા 69 ટકા કરોડપતિ છે, જ્યારે 2021ની વિધાનસભામાં 75 ધારાસભ્યો અથવા 55 ટકા કરોડપતિ હતા.

### ઈરાની હુમલામાં...

નુકસાન કરતા ઘણું વધારે નુકસાન પહોંચાડ્યું છે. ઈરાની દાવાઓને વોશિંગ્ટન પોસ્ટની તપાસ દ્વારા સમર્થન મળ્યું છે, જેમાં જાણવા મળ્યું છે કે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી તેહરાનના હુમલાઓએ મધ્ય પૂર્વમાં યુએસ લશ્કરી મથકો પર ઓછામાં ઓછા ૨૨૮ બાંધકામો અથવા સાધનોને નુકસાન પહોંચાડ્યું છે અથવા નાશ કર્યો છે. સેટેલાઇટ ઈમેજરી વિશ્લેષણ દ્વારા ઓળખવામાં આવેલા ઈરાની લક્ષ્યાંકોમાં, મધ્ય પૂર્વમાં અમેરિકી બેઝ પરના હેંગર્સ, બેરેક, ઈંધણ ડેપો, વિમાન અને મહત્વપૂર્ણ રડાર, સંચાર અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓનો સમાવેશ થાય છે. અમેરિકન મીડિયા આઉટલેટે અહેવાલ આપ્યો છે કે નુકસાનનું પ્રમાણ યુએસ સરકાર દ્વારા અગાઉ સ્વીકારવામાં આવ્યું હતું તેના કરતા ઘણું મોટું હતું. અધિકારીઓને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે પ્રદેશમાં કેટલાક યુએસ બેઝ પર સામાન્ય સ્તરે સ્ટાફ રાખવો ખૂબ જોખમી બની ગયો હતો, અને કમાન્ડરોએ યુદ્ધની શરૂઆતમાં જ મોટાભાગના કર્મચારીઓને આ સાઇટ્સ પરથી ઈરાની હુમલાની રેન્જની બહાર ખસેડી દીધા હતા. યુદ્ધની શરૂઆતથી મધ્ય પૂર્વમાં ઈરાની હુમલાઓમાં ઓછામાં ઓછા સાત યુએસ સૈનિકો માર્યા ગયા છે. આમાંથી છ કુવૈતમાં અને એક સાઉદી અરેબિયામાં માર્યા ગયા હતા. ૪૦૦ થી વધુ અન્ય સૈનિકો પણ ઘાયલ થયા છે.

### યુદ્ધના અંત...

સમાપ્ત થઈ શકે છે તેવી આશાએ ગુરુવારે આંતરરાષ્ટ્રીય બજારોમાં તેજી જોવા મળી હતી. આ તેજી એવા સમયે આવી છે જ્યારે તેના એક દિવસ પહેલા જ અમેરિકી સેનાએ ઈરાની બંદરોની નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા ઈરાની ઓઈલ ટેન્કર પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનાક્રમ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા યુદ્ધના અંતની વ્યૂહરચના અંગે છેલ્લા કેટલાક દિવસોથી આપવામાં આવી રહેલા વિરોધાભાસી સંકેતો બાદ સામે આવ્યો છે.

### પાકિસ્તાનને ટૂંક...

ઉકેલ પર પહોંચશે, જે માત્ર પ્રાદેશિક જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય શાંતિમાં પણ ફાળો આપશે. જો કે, તેમણે કોઈ સમયરેખા આપવાનો ઇનકાર કર્યો હતો. પાકિસ્તાની વડાપ્રધાન શેહબાઝ શરીફે ટેલિવિઝન પર આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, ઇસ્લામાબાદ યુદ્ધ રોકવા અને યુદ્ધવિરામ લંબાવવા માટે ઈરાન અને અમેરિકા સાથે દિવસ-રાત સતત સંપર્કમાં છે.

### તમિલનાડુમાં સરકાર...

વિજયને સરકાર બનાવવા માટે આમંત્રિત ન કરવાના નિર્ણયનો તેમણે વિરોધ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિજય સંભવિત સાથી પક્ષોને પોતાના કેબિનેટમાં સ્થાન આપવા માટે પણ તૈયાર હતા. તમિલનાડુમાં રાજ્યપાલની વિવેકબુદ્ધિ અને ગઠબંધનનું ગણિત રમાઈ રહ્યું છે ત્યારે ઘણા લોકો આ વિલંબને વહીવટી કે બંધારણીય કરતાં વધુ રાજકીય માની રહ્યા છે.

### શિક્ષણ ક્ષેત્રે...

શિક્ષણ પણ તેનાથી અલગ નથી. શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ કામચલાઉ નથી પરંતુ શૈક્ષણિક વર્ષો સુધી ચાલે છે. રોજગારની ગેરંટી વગર પેરા-ટીચર પાસેથી બાળકના ભવિષ્ય અને શિક્ષણની ગેરંટીની અપેક્ષા રાખવી એ ભ્રામક છે. જો કે સુપ્રીમ કોર્ટે પેરા-ટીચર્સની સેવાઓને કાયમી કરવાની માંગને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે આવું કરવાથી ભરતીની એક નવી પદ્ધતિ ઊભી થશે જે કાયદેસર રીતે માન્ય નથી.

### મોદી, મંત્રીઓ,...

સિંદૂર' લખાણવાળી છબી મૂકવામાં આવી છે. આ ચિત્રમાં ત્રિરંગો છે, જેમાં 'SINDOOR' ના એક 'O'ને 'સિંદૂર'થી ભરવામાં આવ્યો છે - જે પરિણીત હિન્દુ મહિલાઓનું પ્રતીક છે. X પરની એક પોસ્ટમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોએ તેમની વીરતાનું પ્રદર્શન કર્યું હતું અને હુમલો કરનારાઓને જડબાતોડ જવાબ આપ્યો હતો, અને દરેક ભારતીયને દેશના સશસ્ત્ર દળો પર ગર્વ છે. તેમણે કહ્યું, ઓપરેશન સિંદૂર દરમિયાન આપણા દળો અને તેમની સફળતાના સન્માનના પ્રતીક રૂપે, ચાલો આપણે બધા સોશિયલ મીડિયા પર આપણા ડિસ્પ્લે પિક્ચર બદલીએ. ગયા વર્ષે 7 થી 10 મે દરમિયાન પશ્ચિમી સરહદે BSF અને ત્રણેય સંરક્ષણ દળો દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી અને સૈન્ય સુવિધાઓને નિશાન બનાવીને 'ઓપરેશન સિંદૂર' હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન ગયા વર્ષે 22 એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવ્યું હતું, જેમાં 25 પર્યટકો(તમામ હિન્દુ પુરુષો) અને એક પર્યટક માર્ગદર્શક માર્યા ગયા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પ્રોફાઈલ ફોટો અપડેટ કરતી વખતે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર રાષ્ટ્રીય સંકલ્પ અને સજ્જતાના શક્તિશાળી પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે.


ફકત રૂા. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એકશન સ્ટોરી


ડાકોઈટ
મૃણાલ ઠાકુર, અવિદી સેશ, પ્રકાશરાજ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
ઐતિહાસિક હીટ ફિલ્મ


રાજા શિવાજી
રિતેશ દેશમુખ, સંજયદત્ત, અભિષેક બચ્ચન
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJHANS®
ગોપીતળાવ નવસારી બજાર, સુરત


દાદી કી શાદી ૯.૩૦, ૨.૩૦, ૭.૩૦
ધબકારો ગુજરાતી : ૯.૩૦, ૪.૧૫, રાત્રે ૯.૪૫
રાજા શિવાજી ૯.૪૫, ૧૨.૦૦, ૬.૩૦, રાત્રે ૧૦.૧૫
ભૂતબંગલા ૧.૧૫, ૩.૩૦, રાત્રે ૧૦.૦૦
મોર્ટલ કોમબર્ટ-2 (હિન્દી) ૧૨.૧૫, ૫.૧૫
વાંકીચુકી લવસ્ટોરી ગુજરાતી : ૬.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
કઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
દાદી કી શાદી ૯.૧૦, ૧.૦૦, ૨.૩૫, ૬.૨૫, રાત્રે ૮.૧૦
રાજા શિવાજી ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૦, ૨.૫૦, ૪.૦૦, રાત્રે ૯.૨૦, ૧૦.૩૦, ૧૧.૦૦
ભૂતબંગલા ૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૩૫, ૩.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫, ૧૧.૧૫
મોર્ટલ કોમબર્ટ-2 (હિન્દી) ૯.૨૦, ૩.૧૦, ૫.૨૫, રાત્રે ૧૦.૩૦
મૈં એકટર નહી હું (હિન્દી) ૭.૪૫
કૃષ્ણાવતારમ-1 ૯.૧૦, ૨.૩૦, ૪.૩૫, ૭.૪૫, રાત્રે ૧૦.૦૦
ધબકારો (ગુજરાતી) ૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૫.૨૦, રાત્રે ૮.૫૦
વાંકીચુકી લવસ્ટોરી (ગુજરાતી) ૧૨.૦૦, ૫.૨૦, ૭.૨૫
ગુલકંદી (ગુજરાતી)૧૧.૩૦, ૧૨.૦૦, ૭.૦૦
લક્ષ્યવેધ (ગુજરાતી) ૧૨.૩૦
ડી.જી.એસ. હોસ્ટેલ (ગુજરાતી) ૪.૩૦
બહેરૂપિયો (ગુજરાતી) ૬.૦૦


# વિજયને મુખ્યમંત્રી બનતા અટકાવવા માટે કટ્ટર શત્રુ DMK અને AIADMK સાથે આવશે?



ટુ ધ પોઇન્ટ
▪ સંજય વોરા ▪

રાજકારણનું બીજું નામ જ અનિશ્ચિતતા છે. તામિલનાડુના રાજકારણમાં અણધાર્યા વળાંકો આવી રહ્યા છે. પહેલો વળાંક ફિલ્મસ્ટાર વિજયની પાર્ટીનો અણધાર્યો વિજય હતો. હજુ તો બે વર્ષ પહેલાં જે પાર્ટીની રચના કરવામાં આવી હતી તેણે લગભગ ૬૦ વર્ષથી વારાફરતી સત્તા ભોગવતા ડીએમકે અને અન્ના ડીએમકેનાં સૂપડાં સાફ કરીને ૧૦૮ બેઠકો મેળવી હતી. તામિલનાડુની પ્રજાએ દ્રાવિડ રાજકારણ ખેલનારા પક્ષોને જાકારો આપ્યો હતો, તેમ છતાં વિજયના પક્ષ TVK ને સરકાર બનાવવા માટે જોઈતી બહુમતીથી માત્ર ૧૦ બેઠકો ઓછી મળી હતી. આ ૧૦ બેઠકો પૈકી ૫ બેઠકો કોંગ્રેસ તરફથી બાહ્ય ટેકાના રૂપમાં મળવાની જાહેરાત થઈ ચૂકી હતી. કોંગ્રેસના મોવડીમંડળે સ્ટાલિન અને ઈન્ડિયા ગઠબંધનને નારાજ કરવાનું જોખમ ઉઠાવીને પણ વિજયને ટેકો આપવાનો નિર્ણય કર્યો હતો. હવે મુખ્ય મંત્રીની ખુરશી અને વિજય વચ્ચે માત્ર પાંચ જ બેઠકોનો ફાંસલો રહેતો હતો, જેના માટે નાના પક્ષો સાથે વાત ચાલી રહી હતી, ત્યાં ડીએમકે અને અન્ના ડીએમકે દ્વારા જબરી ચાલ ચાલવામાં આવી હતી. ૬૦ વર્ષથી એકબીજાના કટ્ટર દુશ્મન તરીકે વર્તતા આ બે પક્ષો વિજયને મુખ્યમંત્રી બનતાં અટકાવવા સાથે આવવા તૈયાર થયા છે.

તાજેતરમાં પૂર્ણ થયેલી તમિલનાડુ ચૂંટણીમાં વિજયની તમિલગા વેત્રી કઝગમ (TVK) એ ૧૦૮ બેઠકો જીતી છે, જે બહુમતીથી માત્ર ૧૦ બેઠકો ઓછી છે. બે વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડનારા વિજયને તેમાંથી એક બેઠક ખાલી કરવી પડશે, જેના કારણે TVK ની તાકાત ઘટીને ૧૦૭ થઈ જશે. કોંગ્રેસે સરકાર રચનામાં TVK ને ટેકો આપ્યો છે. આ જૂની પાર્ટી પાસે પાંચ ધારાસભ્યો છે. વિજય પાસે હવે ૧૧૩ ધારાસભ્યોનો ટેકો છે અને સરકાર બનાવવા માટે તેને વધુ પાંચ ધારાસભ્યોની જરૂર છે. ડીએમકે ૫૯ બેઠકો જીતવામાં સફળ રહ્યું અને એઆઈએડીએમકેને ફક્ત ૪૭ બેઠકો મળી છે. જો બંને પક્ષો હાથ મિલાવશે તો પણ જે ગઠબંધન બનશે તે બહુમતીના આંકડાથી ૧૨ બેઠકો ઓછું રહેશે. આ ૧૨ બેઠકો મેળવવા તેણે મોટો ખેલ પાડવો પડશે. બીજી બાજુ DMK સાથે સરકાર બનાવવાની બાબતમાં AIADMK આંતરિક વિખવાદનો અનુભવ કરી રહ્યું છે. તેના ધારાસભ્યોમાં પક્ષના નેતૃત્વ પ્રત્યે નોંધપાત્ર અસંતોષ છે. તેના ૪૭ ધારાસભ્યોમાંથી લગભગ ૩૦ ધારાસભ્યો વિજયના પક્ષ TVK ને સમર્થન આપી રહ્યા છે, જે પક્ષની અંદર વફાદારીમાં સંભવિત પરિવર્તનનો સંકેત આપે છે. ચૂંટણી પછીનાં જોડાણો અને નેતૃત્વ સ્થિરતા માટે AIADMK ની સ્થિતિને આ આંતરિક ઝઘડાએ જટિલ બનાવી દીધી છે. સૂત્રોએ દાવો કર્યો છે કે બંને પક્ષોએ તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરને પત્ર મોકલ્યો છે કે તેમની પાસે વિધાનસભામાં બહુમતી હાંસલ કરવા માટે સંખ્યાબળ છે. બીજી બાજુ ડીએમકે એઆઈએડીએમકેમાં નેતૃત્વના સંકટનો અંત આવે તેની રાહ જોઈ રહ્યું હોવાના અહેવાલ છે.

તમિલનાડુમાં ખંડિત વિધાનસભા ચૂંટણીનાં પરિણામો પછી સરકારની રચનામાં હોર્સ ટ્રેડિંગ થવાની સંભાવના વધી રહી છે. ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ ( AIADMK ) ના વિધાનસભ્યો વિજયના પક્ષમાં ભળી ન જાય તે માટે ગુરુવારે પાર્ટીના કેટલાક ધારાસભ્યોને પડોશી કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી ખસેડવામાં આવ્યા છે. AIADMKના મહાસચિવ એડાપ્પડી કે પલાનીસ્વામી (EPS) ની સંમતિ વિના ધારાસભ્યોને પુડુચેરી ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ પણ બહાર આવ્યા છે. તેના પર પ્રતિક્રિયા આપતાં AIADMK એ જણાવ્યું હતું કે બધા નવા ચૂંટાયેલા ધારાસભ્યો પહેલાથી જ પરામર્શ માટે EPS ને મળ્યા છે. એઆઈએડીએમકેના વરિષ્ઠ નેતા સીવી ષણમુગમે પલાનીસ્વામીની મંજૂરી વિના વિજયતરફી ધારાસભ્યોને પુડુચેરીના એક રિસોર્ટમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલો બાદ આ સ્પષ્ટતા કરવામાં આવી છે. આંતરિક ઝઘડાની અફવાઓને નકારી કાઢ્યા હોવા છતાં AIADMK એ કબૂલ કર્યું છે કે તેના ધારાસભ્યોને ખરેખર પુડુચેરી લઈ જવામાં આવ્યા છે. પાર્ટીના પ્રવક્તા કોવાઈ સત્યાને જણાવ્યું હતું કે ધારાસભ્યોને કેન્દ્રશાસિત પ્રદેશમાં રાખવામાં આવ્યા છે. જો કે, તેમણે કેટલા ધારાસભ્યોને પુડુચરી ખસેડવામાં આવ્યા છે તે જાહેર કર્યું નથી કે નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું નથી.

સંભવિત રાજકીય જોડાણ અંગેની અટકળો વચ્ચે AIADMK ના ડેપ્યુટી જનરલ સેક્રેટરી કેપી મુનુસામીએ વિજયની પાર્ટીને ટેકો આપવાની વાતને સ્પષ્ટપણે નકારી કાઢી છે. મુનુસામીએ જણાવ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં AIADMK TVK ને સમર્થન આપશે નહીં. અમે અમારા પક્ષના મહાસચિવ એડાપ્પડી કે. પલાનીસ્વામીની સૂચના મુજબ આ સ્પષ્ટતા જારી કરી રહ્યા છીએ. ૪ મેનાં ચૂંટણી પરિણામો પછી એઆઈએડીએમકેના અનેક નેતાઓ અને નવા ચૂંટાયેલા ધારાસભ્યો પલાનીસ્વામીને તેમના નિવાસસ્થાને મળ્યા બાદ આ નિવેદન આવ્યું છે.

સરકારની રચના અંગે અનિશ્ચિતતા વચ્ચે અહેવાલો સૂચવે છે કે અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયનું ટીવીકે છેલ્લા બે દિવસથી એઆઈએડીએમકે સાથે વાટાઘાટો કરી રહ્યું છે. એઆઈએડીએમકેના ભૂતપૂર્વ નેતા અને વર્તમાન ટીવીકે ધારાસભ્ય સેંગોટયન પાર્ટી માટે વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યારે એઆઈએડીએમકેનું પ્રતિનિધિત્વ તેના ધારાસભ્ય લીમા રોઝ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે ટીવીકેના મુખ્ય કાર્યકારી આધવ અર્જુનનાં સાસુ પણ છે. સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે પાર્ટીના વરિષ્ઠ નેતા સીવી ષણમુગમ અને એસપી વેલુમણિ દ્વારા દબાણ કરવામાં આવ્યા બાદ એડપ્પડી પલાનીસ્વામીએ વાટાઘાટોને લીલી ઝંડી આપી હતી. એવી અટકળો છે કે એડપ્પડીએ પાંચ કેબિનેટ પદ અને સ્પીકર પદ માંગ્યું હતું. તેઓ એ પણ ઇચ્છતા હતા કે ગઠબંધન ટીવીકે અને એઆઈએડીએમકે વચ્ચે વિશિષ્ટ હોય. તેઓ શાસનમાં સંપૂર્ણ સ્વતંત્રતા પણ ઇચ્છતા હતા. જો કે, વિજયે એડાપ્પડી પલાનીસ્વામીની શરત સ્વીકારી ન હોવાનું કહેવાય છે કારણ કે તેઓ એકલા AIADMK દ્વારા બંધક બનવા માંગતા નથી. તેના બદલે, તેઓ એક વ્યાપક ગઠબંધન ઇચ્છે છે જેમાં કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને અન્ય પ્રાદેશિક પક્ષોનો સમાવેશ થાય. મંગળવારે શરૂ થયેલી વાટાઘાટો બુધવારે બપોરની આસપાસ તૂટી પડી હતી. ટીવીકેને શરતી ટેકો આપતી કોંગ્રેસ ભાજપ તરફી વલણ ધરાવતી પાર્ટીઓ સાથે કોઈ પણ જોડાણની વિરુદ્ધ હતી. જો કે, પલાનીસ્વામીએ વાટાઘાટોમાંથી પીછેહઠ કરી, કારણ કે બહુપક્ષીય ગઠબંધનમાં એઆઈએડીએમકેનો પ્રભાવ ઘટશે અને તેમની પાસે નિર્ણય લેવાની શક્તિ રહેશે નહીં. આના કારણે AIADMK એ તેના ધારાસભ્યોને પુડુચેરીના રિસોર્ટમાં ખસેડવાની ફરજ પડી હોવાનું પણ કહેવાય છે. પલાનીસ્વામીને ડર છે કે TVK ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કરી શકે છે. એવા પણ અહેવાલો છે કે TVK ને ટેકો આપવાને લઈને પાર્ટીમાં ભાગલા પડી રહ્યા છે.

ભાજપ અને ડો. અંબુમણિ રામદાસની આગેવાની હેઠળના પીએમકે સાથે જોડાણ કરીને ૪૭ બેઠકો જીતનાર AIADMK વિભાજન તરફ આગળ વધી રહ્યું છે. જો પાર્ટીના મહાસચિવ એડાપ્પડી પલાનીસ્વામી વિજય સાથે ગઠબંધનને સમર્થન આપવાનો ઇનકાર કરે તો AIADMK ધારાસભ્યોનો એક ભાગ તૂટી શકે છે. ભૂતપૂર્વ મંત્રીઓ ષણમુગમ અને વેલુમાણી TVK તરફી તરીકે ઊભરી આવ્યા છે, જ્યારે EPS TVK સાથેના ગઠબંધનનો વિરોધ કરે છે. ૪૭ ધારાસભ્યોમાંથી બે તૃતીયાંશ અથવા ઓછામાં ઓછા ૩૧ ધારાસભ્યો TVK ને સમર્થન આપે તેવી શક્યતા છે. જો બળવો સફળ ન થાય તો કેટલાક AIADMK ધારાસભ્યો વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ દરમિયાન TVK સરકારની બહુમતી સુનિશ્ચિત કરવા માટે મતદાનથી દૂર રહી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ભાજપ અને ડૉ. અંબુમણિ રામદાસના પીએમકે સાથે જોડાણ કરીને ૪૭ બેઠકો જીતનાર AIADMK વિજયને ટેકો આપવાની બાબતમાં વિભાજન તરફ આગળ વધી રહ્યું છે**


## દક્ષિણ ગુજરાત વીજ કંપની લી

DGVCL
CINU40102GJ2003SGC042909
અંકલેશ્વર ઔધોગીક વિભાગીય કચેરી
ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

| ક્રમ | સબ સ્ટેશનનું નામ | ફિડરનું નામ | સબ ડિવિઝનનું નામ | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી અંકલેશ્વર- A | ૨૨ કેવી ના તમામ ફીડરો | જી.આઈ.ડી.સી | ૧૯૧૨૩ | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૧.૦૦ |
| ૨ | ૧૩૨ કેવી અંકલેશ્વર | ૬૬ અને ૨૨ કેવી ના તમામ ફીડરો | જી.આઈ.ડી.સી<br>અંકલેશ્વર ટાઉન | | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૧.૦૦ |

કામ પુર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઓધોગીક), અંકલેશ્વર

૧૧ ''એમ.સી.બી./ઈ.એલ.સી.બી./બાર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો''



RAJ IMPERIAL
DOLBY ATMOS INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
હિન્દી ફિલ્મ MORTAL KOMBAT-2 9.00 am, 11.35 am, 2.10 pm, 4.45 pm, 7.20 pm, 9.55 pm


હિન્દી ફેમિલી ફિલ્મ કૃષ્ણાવતારમ-1 2.00 pm, 9.35 pm


કોમેડી, મ્યુઝીકલ, ફેમિલી ડ્રામા દાદી કી શાદી
નિતુસિંહ કપુર, કપિલ શર્મા, રિધ્ધિમા કપુર
11.20 am, 12.05 pm, 6.05 pm


ગુજરાતી સુપરહીટ ધબકારો 9.00 am, 3.10 pm, 6.15 pm, 9.10 pm
ધુરંધર-2 5.05 pm
ભૂતબંગલા 10.40 am, 2.30 pm, 5.55 pm, 9.20 pm
રાજા શિવાજી 9.40 am, 1.30 pm, 5.20 pm, 9.10 pm
વાંકીચુકી લવસ્ટોરી ગુજરાતી : 11.45 am, 3.00 pm, 9.00 pm
Lee Cronin's The Mummy હિન્દી 9.00 am